## Std 12 Gujarati Textbook Solutions Chapter 16 સુખનો કાળ બાળપણનો

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક – એક વાક્યમાં ઉત્તર લખો.**

**પ્રશ્ન 1. સરસ્વતીબાગનાં સ્થાને લેખક કયાં કયાં વૃક્ષો નિહાળે છે?**

ઉત્તર:

સરસ્વતીબાગના સ્થાને લેખક આંબાનાં, જાંબુનાં, તાડનાં, સરગવાનાં અને અગથિયાનાં વૃક્ષો હતાં પણ અત્યારે તો આ બાગને સ્થાને સિમેન્ટ-કોંક્રિટનાં જંગલોથી ઢંકાયેલા છે.

**પ્રશ્ન 2. સ્ત્રીઓ પતિ પ્રત્યે શી મર્યાદા રાખતી?**

ઉત્તર:

પત્ની પતિનું નામ જાહેરમાં ઉચ્ચારતી નહીં. દિનુના બાપુ, વિનુના બાપુ કે “એ” કહીને બોલાવતી.

**પ્રશ્ન 3. લેખક સ્વયંસેવક બની શી કામગીરી કરતા?**

ઉત્તર:

હદની બહાર જતાં દડાને લાવી આપવાની કામગીરી લેખક કરતા.

**પ્રશ્ન 4. હિંમત આપવા લેખકને કોણ સહાયક બનેલું?**

ઉત્તર:

હિંમત આપવા લેખકને કાદરખાન પઠાણની વાંસળીના સૂરો સહાયક બનેલા.

**પ્રશ્ન 5. સુખપ્રાપ્તિનો કયો ઉપાય લેખક સૂચવે છે?**

ઉત્તર:

જો નિશાળ ન હોય, તો બધાં જ બાળકોના બાળપણનો કાળ સુખમાં જાય. રજાઓ ફરજિયાત અને શિક્ષણ મરજિયાત હોવું જોઈએ.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 6. લેખક અને મિત્રો ભગવાનને શી પ્રાર્થના કરતા?**

ઉત્તર:

જોગેશ્વરીના રામેશ્વર મંદિરમાં ઘંટ વગાડીને, દંડવત્ પ્રણામ કરીને ભગવાન મને ગણિતમાં પાસ કર. પુરવણી પર શાહી ઢોળાવા દઈશ નહીં'. એવી પ્રાર્થના કરતા.

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

**પ્રશ્ન 1. બાલ્યકાળના સુખની શી કલ્પના લેખક કરે છે?**

ઉત્તર:

લેખક બાલ્યકાળમાં એવું માનતા હતા કે, જો નિશાળ ન હોય, તો બધાં જ બાળકોનો બાલ્યકાળ સુખમાં ગયો હોત. રજાઓ ફરજિયાત અને શિક્ષણ મરજિયાત હોવું જોઈએ.

બાળકોના મનમાં જાગતા પ્રશ્નો જેવા કે નાળિયેરમાં મીઠું પાણી કોણ ભરે?, કેરી પીળી કઈ રીતે થાય?, ગર ભરેલી આંબલી ઝાડ પર કેવી રીતે તૈયાર થાય? જેવા પ્રશ્નોના ઉત્તર આપી શકે એવું શિક્ષણ હોવું જોઈએ. નાનાં બાળકો માટે છે રવિવાર અને ફક્ત એક જ સોમવાર હોય એવું અઠવાડિયું શરૂ કરવામાં આવે, તો દરેક બાળકનું બાળપણ સુખમાં જ જાય.

**પ્રશ્ન 2. લેખક શાથી લોકપ્રિય બન્યા? લેખકની યુક્તિ શી રીતે પ્રબળ રહી?**

ઉત્તર:

લેખક પાંચ-છ વર્ષના હતા ત્યારે ટાકી મહારાજની હાજરીમાં સદ્ભક્તિ મંદિરમાં પહેલું ભાષણ લેખકે આપ્યું. 'વીર અભિમન્યુ' પરનું ભાષણ લેખકે ચાર-પાંચ મિનિટમાં ફટાફટ બોલી નાખ્યું અને છેવટે ભૂલી જવાથી યુક્તિપૂર્વક "મારો દૂધ પીવાનો સમય થયો છે' એમ કહીને શ્રોતાઓથી છુટકારો મેળવ્યો. પણ આ મજાક અને લાડ લાંબો સમય ચાલ્યા.

**પ્રશ્ન 3. નાટકમંડળીમાં રામાયણનો અભિનય શી રીતે થતો?**

ઉત્તર:

નારાયણમામાની નાટકમંડળી સ્ત્રી રહિત રામાયણનું નાટક શેરીએ શેરીએ ફરીને નાટક ભજવતી. મુખ્ય ભાર રામ-રાવણ યુદ્ધ પર રહેતો. વાનરસેનામાં, પૂંઠાં, પતરાંનાં ચળકતા મુગટ, ધનુષબાણ, પૂંછડાં ચોંટાડેલ ચડ્ડીઓ વગેરેનો ઉપયોગ કરીને ઠાઠમાઠથી નાટકો ભજવતા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વાનરસેના સાચે જ આંબાની ડાળ પર ચડી જતી. લેખકનાં મામા ચિત્રકાર હતાં. એ બાળકોને મુગટ બનાવી આપતા.

## 3. વિસ્તૃત ઉત્તર લખો.

**પ્રશ્ન 1. લેખકનું બાળઘડતર શી રીતે થયેલું તે જણાવો.**

ઉત્તરઃ

સુપ્રસિદ્ધ મરાઠી સાહિત્યકાર પુરુષોત્તમ દેશપાંડેએ પોતાના બાળપણનાં સુંદર સંસ્મરણો અહીં આલેખ્યાં છે.

લેખકનો જન્મ ગામદેવી વિસ્તારની કિર્તાળ હેમરાજની ચાલીમાં થયો હતો. એમનું બાળપણ મુંબઈના પરા જોગેશ્વરીમાં વીત્યું. સરસ્વતીબાગ સોસાયટીના બધા જ પુરુષો મુંબઈમાં કારકુનની નોકરી કરવા જાય. એમના ગયા પછી માત્ર બાળકોને સ્ત્રીઓનું રાજ રહેતું.

નોકરીને કારણે એમના પિતાજીને સતત બહારગામ ફરવું પડતું એટલે ઘરમાં એમના બા, બહેન અને ત્રણ ભાઈઓ જ રહેતા.

સૂર પ્રત્યેનું ખેંચાણ લેખકને બાળપણથી જ રહ્યું એમના બાનો અવાજ ખુલ્લો અને સૂરીલો. ગાયન સાથે વાચન પણ સારું. માટે નાનપણના સુખની સાથે સૂરનો ખૂબ નજીકનો નાતો રહ્યો છે. લેખકનું સંગીત, સાહિત્ય, નાટક જેવી કલા પ્રત્યે વધારે ખેંચાણ હતું. મેદાની રમતો કરતાં મિમિક્રી પ્રત્યેનો ગમો જોગેશ્વરીની સોસાયટીમાં રોપાયો હતો.

આમ, લેખકનું બાળઘડતર ખૂબ સાદગીમાં અને હૂંફભર્યા વાતાવરણમાં થયું છે.

**પ્રશ્ન 2. “સાચા સુખનું સર્જન લેખકની શાળા’ – લેખક આવું શા માટે કહે છે?**

ઉત્તરઃ

બાળપણથી જ લેખકને કાદરખાનની વાંસળીના સૂરોથી હિંમત મળતી. માટે સૂરો પ્રત્યેનું ખેંચાણ તેમણે બાળપણથી જ હતું. નાનપણના સુખની સાથે સૂરનો ખૂબ નજીકનો નાતો રહ્યો છે. લેખકને બાળપણથી જ સંગીત, સાહિત્ય, નાટક જેવી કલા પ્રત્યે વધારે ખેંચાણ.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મેદાની રમતો કરતાં મિમિક્રી પ્રત્યેનો ગમો જોગેશ્વરીની સોસાયટીમાં રોપાયો હતો. રામેશ્વર મંદિરમાં કીર્તન શરૂ થાય પછી બીજું કાંઈ ન સૂઝે. વાજાપેટીવાળા તરફ લેખકનું વધારે ધ્યાન હોય. શાહિર ખાડિલકરના શૌર્યગીતો સાંભળ્યા પછી સૂપડાનું ડફ બનાવી ગાવા લાગતા.

લેખકે પહેલું ભાષણ સદ્ભક્તિ મંદિરમાં વીર અભિમન્યુ વિશે આપ્યું. એ વખતે નાટકોમાં બાલગાંધર્વ મરાઠી રંગભૂમિ ગજાવી રહ્યા હતા. લેખકને જોયેલાં નાટકો અને તેની પાત્રયોજના આજે પણ યાદ છે. તેથી એવું લાગે છે કે નિશાળમાં ભૂગોળ પણ આ રીતે યાદ રહેતો હોત તો કેવું સારું!

ક્રિકેટનું મોટું મેદાન હતું છતાં લેખકને રમતગમતમાં જરાપણ રસ નહીં. નાટકોમાં રુચિ ખરી. નારાયણમાના આગેવાન અને અમારા આદર્શ. એમની નાટકમંડળી શેરીએ શેરીએ ફરે અને રામાયણ, મહાભારત વગેરે વિશે નાટકો ભજવતી. નાનજી પાસેથી શ્લોક શીખતા.

આમ, લેખકની ભાષામાં કહીએ તો સાચા સુખનું સર્જન એમની મરજી મુજબની પ્રવૃત્તિ.

**પ્રશ્ન 3. “સાચા શિક્ષણનો અભિગમ’ – ગદ્યના આધારે સ્પષ્ટ કરો.**

ઉત્તર:

સુપ્રસિદ્ધ મરાઠી સાહિત્યકાર પુરુષોત્તમ દેશપાંડેએ પોતાના બાળપણનાં સુંદર સંસ્મરણો આલેખીને સાચા શિક્ષણના અભિગમો સ્પષ્ટ કર્યા છે. શાળાએ જવાનો અણગમો એ સર્વસામાન્ય બાબત છે. અત્યારની ટેક્નોલૉજીને બાદ કરતાં શાળામાં શિસ્તભંગના પ્રશ્નો વર્ષો પહેલાના જેવા જ છે.

બાળપણની સ્મૃતિ સતેજ અને ચિરંજીવ હોય છે. એની પ્રતીતિ શબ્દ શબ્દ થાય છે. જો બાળકની આસપાસનાં વ્યક્તિઓ દૂરદષ્ટિ ધરાવતી હોય, તો શાળાજીવન કેટલું સહજ અને સ્વાભાવિક બને છે તે અહીં સ્પષ્ટ થયું છે.

લેખક એવું માને છે કે, બાળકોને માત્ર પુસ્તકલક્ષી શિક્ષણ આપવાને બદલે તેમના રસ અને રુચિના વિષયોનું શિક્ષણ આપવું જોઈએ. એનો મતલબ જરાપણ એવો નથી કે શાળાઓ ન હોવી જોઈએ. બાળકોના મનમાં જાગતા પ્રશ્નો જેવા કે નાળિયેરમાં મીઠું પાણી કોણ ભરે?,

કેરી પીળી કઈ રીતે થાય?, ગર ભરેલી આંબલી ઝાડ પર કઈ રીતે તૈયાર થાય? જેવા પ્રશ્નોના ઉત્તર આપી શકે એવું શિક્ષણ હોવું જોઈએ.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**4. નોંધ લખો.**

**પ્રશ્ન 1. લેખકનો સંગીતપ્રેમ**

ઉત્તર :

બાળપણથી જ લેખકને કાદરખાનની વાંસળીના સૂરોથી હિંમત મળતી. સંગીતના સૂરો પ્રત્યેનું ખેંચાણ તેમણે બાળપણથી જ હતું. નાનપણના સુખની સાથે સુરનો ખૂબ નજીકનો નાતો રહ્યો છે. લેખકને બાળપણથી જ સંગીત, સાહિત્ય, નાટક જેવી કલા પ્રત્યે વધારે ખેંચાણ.

રામેશ્વર મંદિરમાં કીર્તન શરૂ થાય પછી ખાવાપીવાનું પણ ના સૂઝે. એમના બારણે એક ભિખારી આવતો "મારા રામને કોઈ લઈ આવો રે' એ ભજન લેખક વારંવાર ગવડાવતા. વાજાપેટીવાળા તરફ લેખકનું વધારે ધ્યાન હોય. શાહિર ખાડિલકરના શૌર્યગીતો સાંભળ્યા પછી સૂપડાનું ડફ બનાવીને 'પ્રથમ નમન શારદા શારદા ચરણે' ગાવા લાગતા. લેખકના વડીલો અને આપ્તજનો હંમેશાં તેમના મનોરંજન કાર્યક્રમમાં ભાગીદાર બનતા.

**પ્રશ્ન 2. લેખકની નાટ્યકલા.**

ઉત્તર:

લેખકને બાળપણથી જ સંગીત, સાહિત્ય, નાટક જેવી કલા પ્રત્યે વધારે ખેંચાણ. લેખકે પહેલું ભાષણ સદ્ભક્તિ મંદિરમાં વીર અભિમન્યુ વિશે આપ્યું. એ વખતે નાટકોમાં બાલગાંધર્વ મરાઠી રંગભૂમિ ગજાવી રહ્યા હતા છતાં લેખકને એનું આકર્ષણ એટલું ન હતું.

'પુણ્યપ્રભાવ' નાટક જોયા પછી જાણે કે ચમત્કાર થયો. લેખકને જોયેલાં નાટકો અને તેની પાત્રયોજના આજે પણ યાદ છે. તેથી એવું લાગે છે કે નિશાળમાં ભૂગોળ પણ આ રીતે યાદ રહેતો હોત તો કેવું સારું! નાટકોમાં રુચિને કારણે તેઓ નારાયણમામાને આગેવાન અને આદર્શ માનતા હતા.

એમની નાટકમંડળી શેરીએ શેરીએ ફરે અને રામાયણ, મહાભારત વગેરે વિશે નાટકો ભજવતી. વળી, નાનજી પાસેથી શ્લોક શીખતા.

**પ્રશ્ન 3. લેખકનાં જોગેશ્વરીનાં સંસ્મરણો.**

ઉત્તર:

લેખકનો જન્મ ગામદેવી વિસ્તારની કિર્તાળ હેમરાજની ચાલીમાં થયો હતો. એમનું બાળપણ મુંબઈના પરા જોગેશ્વરીમાં વીત્યું. સરસ્વતીબાગ સોસાયટીના બધા જ પુરુષો મુંબઈમાં કારકુનની નોકરી કરવા જાય. એમના ગયા પછી માત્ર બાળકોનું સ્ત્રીઓનું રાજ રહેતું.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નોકરીને કારણે એમના પિતાજીને સતત બહારગામ ફરવું પડતું એટલે ઘરમાં એમના બા, બહેન અને ત્રણ ભાઈઓ જ રહેતા, મરાઠી ફક્ત નિશાળમાં જ બાકી તો કારવારી ભાષામાં જ થતો. લેખકને બે મરાઠી? અને કારવારી ભાષા આવડતી.

જોગેશ્વરી આસપાસ જંગલ હોવાથી સાપનો અને ચોરોનો ખૂબ ભય રહેતો. આ ચોરોથી બચવા બે પઠાણ ચોકીદારો હતા. રાત્રે બધું સૂમસામ થાય એટલે પેટમાં બીક લાગે. ડરેલા લેખકને કાદરખાનની વાંસળીના સૂરોથી હિંમત મળતી.

કાદરખાનનું કદાવર શરીર ક્યારેય એમને ડરામણું ન લાગતું. સંગીતના સૂરો પ્રત્યેનું ખેંચાણ તેમને બાળપણથી જ હતું. તેથી તેમના બાળપણમાં સંગીતનો ફાળો અનન્ય હતો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in